સરકારી/બિન સરકારી માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક
કર્મચારીઓના નોર્મ્સ સુધારવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૯૯-૧૬૫-ગ
સચિવાલય, ગાંધીનગર
તા. -૫-૧૯૯૯
18 MAY 1999

વંચાણે લીધા :(૧) નાણાં વિભાગના તા. ૯-૯-૯૮ના ઠરાવ નં.ખરચ-૧૦૯૮-૭૦૪(૫૮)ઝ.૧

(૨) શિક્ષણ અને મજૂર વિભાગના તા. ૨૯-૫-૭૬ના સરકારી ઠરાવ નં. ઇડીએસ-૯૧૭૫- ૧૭૫૯૭-બી

(૩) શિક્ષણ અને મજૂર વિભાગની તા. ૧૬-૭-૭૪ની અધિસૂચના ક્રમાંક:એસઇએ-૧૦૭૩-૧૧૮૯૯-જી

(૪) શિક્ષણ વિભાગના તા. ૭-૬-૭૭ના પત્ર નં. એસએસએન-૫૦૭૭-૩૫૯૯૩-જી

(૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: જીએસી-૧૦૭૭-૫૦૩૭૭-ગ તા. ૬-૮-૭૭

(૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:ઉમશ-૯૧૭૭-૫૦૨૩૧-ગ.૧ તા. ૮-૨-૮૦

(૭) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીના પત્ર નં. અનદ-૧-ધ-ગ્રાન્ટ-કરકસર-૧૨૨ તા. ૭-૧-૯૯

સંદર્ભ-૧ માં જણાવેલ નાણાં વિભાગના તા. ૯-૯-૯૮ના ઠરાવથી કરકસર અંગેની સૂચનાઓ અનુદાન મેળવતી સંસ્થાઓને પણ લાગુ પાડવામાં આવેલ છે. આ ઠરાવના મુદ્દા-બ ના ફકરા-૪ માં દરેક સંવર્ગના નોમ્સ સુધારવા બાબતની સૂચના છે.

આ સૂચનાઓ સંદર્ભમાં સંદર્ભ-૭ માં જણાવેલ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના તા. ૭-૧-૯૯ના પત્રથી બિન સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓની શૈક્ષણિક સંવર્ગીની જગ્યાઓનો સંવર્ગવાર ૨૦ ટકા કાર્યબોજમાં વધારો કરી નવા નોમ્સ નક્કી કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે.

બિન સરકારી માધ્યમિક અનેઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સરકારશ્રીએ કરેલ પુખ્ત વિચારણા બાદ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહેકમનું પ્રમાણ નીચે મુજબ રાખવાનું ઠરાવવામાં આવે છે.

ઠ રા વ (અ)

બિન સરકારી માધ્યમિક શાળાઓ માટેના માધ્યમિક વિભાગના શિક્ષકો માટેના ગ્રાન્ટ ઇન એઇડ કોડની કલમ-૫૫(૧)માં નીચે મુજબ દર્શાવ્યા પ્રમાણે સુધારવાનું આથી સરકાર ઠરાવે છે.

૫૫.૧ શાળાનું કદ વૈકલ્પિક અભ્યાસક્રમોની વ્યવસ્થા અને શાળામાં શીખવવામાં આવતા વિષયો પ્રમાણે શાળાએ પૂરતી સંખ્યામાં સારી અને જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકો રાખવાના થશે. . શિક્ષકોની સંખ્યા અને વર્ગો વચ્ચેનું પ્રમાણ નીચે મુજબનું રહેશે.

| વર્ગોની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | વર્ગોની સંખ્યા | શિક્ષકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૧.૫ | ૧૧ | ૧૩ |
| ૨ | ૩ | ૧૨ | ૧૪ |
| ૩ | ૪.૫ | ૧૩ | ૧૬ |
| ૪ | ૫ | ૧૪ | ૧૭ |
| ૫ | ૬ | ૧૫ | ૧૮ |
| ૬ | ૭ | ૧૬ | ૧૯ |
| ૭ | ૮ | ૧૭ | ૨૦ |
| ૮ | ૧૦ | ૧૮ | ૨૨ |
| ૯ | ૧૧ | ૧૯ | ૨૩ |
| ૧૦ | ૧૨ | ૨૦ | ૨૪ |

જો શાળામાં દરેક ધોરણનો એક વર્ગ હોય ત્યાં સુધી ૧.૫ ના રેશીયાનું અગાઉનું ધોરણ યથાવત રાખવાનું રહેશે તથા ઉપર જણાવેલ ક્રમ -૧ અને ૩ માં જણાવેલ વર્ગો વાળી શાળાઓમાં અર્ધા શિક્ષકને છૂટો કરવાનો નથી, પરંતુ શાળાના વિકાસ સાથે વર્ગો વધતાં તેવા શિક્ષકને બીજો વર્ગ શરૂ થતાં પૂર્ણકાલીન શિક્ષક તરીકે સમાવવાનો રહેશે. પૂર્ણકાલીન શિક્ષકે દર અઠવાડિયે ઓછામાં ઓછું ૨૫ કલાક જેટલું ખરેખર શૈક્ષણિક કાર્ય કરવાનું રહેશે. ઉપર મુજબ શિક્ષક દીઠ જો પુરતું શૈક્ષણિક કાર્ય શાળામાં ઉપલબ્ધ ન હોય તો તેના પ્રમાણમાં ઓછા શિક્ષકો રાખવાના રહેશે.

<u>ઠરાવ-બ</u>

બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંદર્ભ-૬ થી શિક્ષકનુ પ્રમાણ ઠરાવેલ છે. તેમાં નીચે મુજબ સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ, ઉચ્ચતર બુનિયાદી પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગોના પ્રમાણમાં શિક્ષકોનું પ્રમાણ નીચે મુજબનું રહેશે.

| વર્ગોની સંખ્યા | શિક્ષકોની સંખ્યા (ઉદ્યોગ શિક્ષક સહિત) | વર્ગોની સંખ્યા | શિક્ષકોની સંખ્યા (ઉદ્યોગ શિક્ષકસહિત) |
|---|---|---|---|
| ૧. | ૨ | ૯ | ૧૮ |
| ૨. | ૪ | ૧૦. | ૨૦ |
| ૩. | ૬ | ૧૧. | ૨૧ |
| ૪. | ૮ | ૧૨ | ૨૨ |
| ૫. | ૧૦ | ૧૩ | ૨૨ |
| ૬. | ૧૨ | ૧૪ | ૨૩ |
| ૭. | ૧૪ | ૧૫. | ૨૪ |
| ૮. | ૧૬ | | |

પૂર્ણકાલીન શિક્ષકે દર અઠવાડિયે ઓછામાં ઓછું ૨૪ કલાક જેટલું ખરેખર શિક્ષણ કાર્ય કરવાનું રહેશે.

ઉપર મુજબનું શિક્ષક દીઠ જો પુરતું શૈક્ષણિક કાર્ય શાળામાં ઉપલબ્ધ ન હોય તો તેના પ્રમાણમાં ઓછા શિક્ષકો રાખવાના રહેશે. ઠરાવના પારા- અ અને બ ના અમલને કારણે વધારાના થતા શૈક્ષણિક કર્મચારીઓને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના માર્ગદર્શનહેઠળ જિલ્લાની /રાજયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આવી ખાલી પડતી /નવી જગ્યાઓ પર સમાવવાના રહેશે.

આ ઠરાવનો અમલ શૈક્ષણિક વર્ષ જુન-૧૯૯૯ના સત્રથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.કે.ભટ્ટ)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

૧. માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
૨. માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. માનનીય શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
૫. બધા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
૬. એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ/રાજકોટ
૭. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર, અમદાવાદ
૮. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર, અમદાવાદ
૯. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૦.રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ
૧૧.સબંધિત સરકાર માન્ય સંઘો,(ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી મારફત
૧૨.ડી.એસ.ઓ. ફાઇલ
૧૩.સીલેકટ ફાઇલ-ગ શાખા